# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે શહીદ દિનની ઉજવણી કરવામાં આવી.

ભારતની આઝાદી માટે હસતા હસતા ફાંસી પર ચઢેલા મહાન સ્વતંત્રતા સેનાનીઓની યાદમાં રાષ્ટ્રીય સેવા યોજના, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા ૨૩ માર્ચ ૨૦૨૧ ના રોજ શહીદ દિનની ઉજવણી અત્રેની મહાવિદ્યાલયના આચાર્ય અને ડીનશ્રીની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે ડો.કે.એ.ખુંટ, આચાર્ય અને ડીનશ્રી, પી.જી. ઇન્સ્ટીટયુટ ઓફ એ.બી.એમ., જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ હાજર રહ્યા હતા અને ભારતની આઝાદીમાં સ્વતંત્રતા સેનાનીઓનું યોગદાનના વિષય પર વિદ્યાર્થી તથા સ્ટાફ મિત્રોને માર્ગદર્શન પૂરું પાડતું વ્યાખ્યાન આપ્યું હતું. અત્રેની કોલેજના સહપ્રાધ્યાપક ડો.બી.જે.ત્રાંગડીયા દ્વારા શહીદ દિનની ઉજવણી શા માટે કરવી જોઈએ તે વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું. અત્રેની કોલેજના ડો.પી.એચ.ટાંક, આચાર્ય અને ડીનશ્રીએ કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સ્વતંત્રતા સેનાનીઓને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અત્રેની કોલેજના સ્ટાફ મિત્રો તથા ઇન્ટર્નશિપના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સમગ્ર આયોજન તથા સંચાલન ડો.રૂપેશ જે. રાવલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું.




પશુ ચિકિત્સા અને પશુપાલન વિસ્તરણ વિભાગ
WAITING HALL
"રાષ્ટ્રીય સેવા યોજના"
પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી-જૂનાગઢ


WAITING HALL
"રાષ્ટ્રીય સેવા યોજના"
પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી-જૂનાગઢ



પશુપાલન મહાવિદ્યાલય
Reliance
Foundation
WAITING HALL
(SMALL ANIMAL)
પશુચિકિત્સા અને